# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી-01

ફોનઃ011-23005700, ફેક્સઃ 011-235787

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રીમતી નિર્મલા સિતારામનનું પ્રેસ વક્તવ્ય

કોંગ્રેસ સંસદીય સમિતિઓની કામગીરીમાં અવારનવાર અડચણો ઊભી કરે છે તેની સામે ભાજપ નામંજૂરી દર્શાવે છે. અગાઉ કોંગ્રેસે જાહેર હિસાબ સમિતિની કામગીરીમાં વિઘ્ન સર્જ્યું હતું.

ટુ-જી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડની તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ(જેપીસી)ની રચના કરવા સામે કોંગ્રેસ પક્ષે જે વિરોધ દર્શાવ્યો હતો, તેને સમગ્ર રાષ્ટ્રે નિહાળ્યો હતો. યુપીએ સરકારના વિવિધ પ્રધાનોએ એવા વક્તવ્યો આપ્યા હતા કે તે કૌભાંડમાં વિવિધ અદાલતોમાં કેસ ચાલુ હોવાથી જેપીસીની રચનાની કોઈ જરૂર નથી.તે પ્રક્રિયામાં સંસદનું આખું સત્ર(વર્ષ 2011નું શિયાળુ સત્ર) ગુમાવવું પડ્યું હતું.

સર્વોચ્ચ અદાલતે યુપીએ સરકાર દ્વારા ફાળવવામાં આવેલા 122 લાઈસન્સ રદ્દ કર્યા તે બાબત સુવિદિત છે.

સરકારે જનતાના દબાણ સામે ઝુકીને અને મોટાપાયે થયેલા ભ્રષ્ટાચારને ધ્યાનમાં રાખીને પછીથી જેપીસીની રચના તો કરી, પરંતુ કૌભાંડની તપાસમાં સહયોગ આપવાને બદલે તેની કામગીરી પર દબાણ કરવાનું ચાલુ રાખ્યું.

ભાજપના સભ્યો વારંવાર જેપીસીની કામગીરીમાં દખલ સામે સવાલ ઊઠાવતા રહ્યા.

તે ઉપરાંત કૌભાંડના મુખ્ય સૂત્રધાર એ.રાજાને જેપીસી સમક્ષ જુબાની માટે બોલાવવાની માગણી અવારનવાર થતી રહી, જેને જેપીસીના અધ્યક્ષે ફગાવી દીધી હતી. સંસદીય સમિતિઓ સર્વસંમતિથી કામગીરી બજાવતી હોય છે.

સમિતિઓ સમક્ષ પ્રધાનોની જુબાની લેવાઈ હોય એવું ભૂતકાળમાં પણ બન્યું છે. ડૉ મનમોહન સિંહ વર્ષ 1992માં જેપીસી સમક્ષ ઉપસ્થિત થયા હતા. એવી જ રીતે ભાજપના યશવંત સિન્હા પણ જેપીસી સમક્ષ હાજર થયા હતા.

બુરારી ખાતે કોંગ્રેસ મહાસમિતિના અધિવેશનમાં વડા પ્રધાને જાહેર હિસાબ સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાની તૈયારી દર્શાવી હતી. બધા એ બાબત જાણે જ છે કે જાહેર હિસાબ સમિતિ વડા પ્રધાનને જુબાની માટે બોલાવી ન શકે.

જો કે જેપીસી નિયત હેતુ માટે રચવામાં આવેલી હોવાથી તે સાકાર થાય તેના માટે તેના સભ્યોની સંસદ પ્રતિ જવાબદારી બની રહે છે.

એ.રાજાએ જેપીસી સમક્ષ જુબાની આપવી જોઈએ, એવી માગણી ઊઠી તેને ફગાવી દેવામાં આવી હતી. શ્રી રાજા વારંવાર એવું કહેતા સાંભળવામાં આવ્યા કે પોતે લીધેલા નિર્ણયો માટે વડા પ્રધાન અને નાણા પ્રધાન પણ જવાબદાર છે. તે ઉપરાંત ભારતના એટર્ની જનરલ શ્રી વહાણવટીએ એવી દલીલ કરી

હતી કે ટુ-જીની ફાઈલ ક્લિયર કરાયા પછી એ. રાજાએ તેના પર એક વાક્ય લખ્યું હતું. તે મુદ્દો અનેક સવાલ ઉપસ્થિત કરે છે.

આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને નાણા પ્રધાન અને વિદેશ પ્રધાન તરીકે સેવા આપી ચૂકેલા યશવંત સિન્હાએ કેટલીક વાર જેપીસીના અધ્યક્ષનું તે મુદ્દે ધ્યાન ખેંચ્યું હતું. આમછતાં તેમને વડા પ્રધાન અને સ્પીકર વતી ઉત્તર અપાયો ન હતો.

ભાજપ એવી માગણી કરે છે કે વડા પ્રધાન કે જેઓ તે સમયગાળામાં નાણાં ખાતું સંભાળતા હતા તેમણે જેપીસી સમક્ષ નિવેદન કરવું જોઈએ.

એ.રાજાની જુબાની માટે પણ મંજૂરી આપવી જોઈએ.

જેપીસીની તપાસ નિષ્પક્ષ, ન્યાયી અને વાજબી રીતે આગળ વધે એવા પગલાં લેવા જોઈએ.

**(ઓ.પી.કોહલી)**

**હેડક્વાર્ટર ઈન્ચાર્જ**